Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 15, Issue. 260, APRIL 2024

**પ્રિય વાચક મિત્રો,**

लोकाभिरामं रणरंगधीरं राजीवनेत्रं रघुवंशनाथम् ।
कारुण्यरूपं करुणाकरंतं श्रीरामचन्द्रं शरणं प्रपद्ये।

આખું ભારતવર્ષ આ દિવસોમાં શ્રી રામજન્મસ્થાન મંદિરના મહા ઉત્સવમાં ઝૂલી રહ્યું છે ત્યારે વિશ્વવિદ્યાલય દ્વારા શ્રી રામોત્સવ ઉજવાયો અને સમાજના નાગરિકો એ અંતરનો આનંદ વ્યક્ત કર્યો હતો. એટલે જ ગુજરાતી ભાષાના આદ્ય કવિ શ્રી નરસિંહ મહેતાની કાવ્ય પંક્તિનું સ્મરણ થાય છે – 'રામસભામાં અમે રમવાને ગ્યા'તા... એ પંક્તિમાં ભારતના રામ રાજ્યની પરિકલ્પના પ્રગટ થતી દેખાય છે. ભારત વર્ષમાં અનેક વિદ્વાન મુનીષીઓ – બુદ્ધિજીવીઓ થયા છે અને એમાય જાણીતા ચિંતક વિનોબા ભાવેનું સ્મરણ થાય છે અને તેમણે રામ અને રામકથા વિષે કહ્યું છે કે, 'રામકથાથી કોણ અજાણ છે? ગંગાજળથી જે પાવનતા મળે છે, સ્વચ્છ–નિર્મળ વાયુથી જે પાવનતા મળે છે, તેવી પાવનતા રામકથામાંથી મળતી લોકો અનુભવે છે. પરંતુ તુલસીદાસજીએ એક ભારે મોટો વિચાર આપણને આપ્યો કે રૂપથી નામ મોટું છે, રામ કરતાં રામનું નામ મોટું છે. રામજીનું રૂપ જે એક જમાનામાં પ્રગટ થતું હતું અને જે ભક્તોનાં હૃદયમાં આજે પણ પ્રગટ થાય છે, તે સુંદર છે. પરંતુ એ રૂપથીયે ચઢિયાતું એમનું નામ છે. નામ તો આપણે આપણી જીભે નિરંતર રમતું રાખી શકીએ. જાણે રામજી આપણા હાથવગા જ થઈ ગયા. સૌનું કલ્યાણ કરનારું એ રામનામ જ એવું છ, જેણે કરોડોને તાર્યા છે. રામનામનો મહિમા અપાર છે, અનંત છે. રામ નામ તો મહાત્મા ગાંધીજી પણ કરતા હતા આપણી લોક પરંપરામાં રામ રામ એવો ભાવ વાચક શબ્દ સ્વાગત માટે ઉચ્ચારાય છે.

ભવિષ્યના ભારતનું જેમણે સ્વપ્ન જોયું હતું તેમાં પ્રખર આધ્યાત્મિક ચિંતક સ્વપ્નદ્રષ્ટા મહર્ષિ શ્રી અરવિંદ કહે છે ક, 'રામાયણ પણ મહાભારત જેવી જ તત્ત્વપ્રધાન કૃતિ છે. એટલું ખરું કે રચનાની સરળતા, આદર્શવાદી માનસિકતા, નજાકતભરી કાવ્ય–ઉષ્મા અને રંગદર્શિતાને કારણે રામાયણ થોડુંક જુદું પડી આવે છે.... રામાયણમાં ભારતીય કલ્પન એવું છે, જેમાં આત્માભિવ્યક્તિ ઊંચા સ્તરે થતી જણાય છે અને ચારિત્ર્યના નાજુક માનવીય આદર્શો પ્રગટ થતા જણાય છે. એમાં સામર્થ્ય, હિંમત, સૌજન્ય, વફાદારી અને સમર્પણ અત્યંત સંવાદિતાપૂર્વક પ્રગટ થતાં જણાય છે. વાલ્મીકિની આ કૃતિ ભારતનું સંસ્કારમાનસ ઘડવામાં અમાપ શક્તિનું નિમિત્ત બની છે. એમાં રામ, સીતા, હનુમાન, લક્ષ્મણ અને ભરત જેવાં લોકોનાં પ્યારાં અને અનુકરણીય પાત્રો દ્વારા જીવંત કહી શકાય એવાં માનવીય દર્શનો રજૂ થયા છે.' ('The Renaissance of India With A Defence of Indian Culture, Vol. 20, The Complete Works of Sri Aurobindo, 1872-1997, page 350-51') .

રામસભા એ ભારતીય લોકતંત્રની પ્રથમ સભા છે, જયાં સર્વનો સ્વીકાર છે અને સર્વને સમાન અધિકાર છે. રામ ભારતની પ્રાણશક્તિ છે. અર્થાત્ રામ એ જ ધર્મ ને ધર્મ એ રામ. ભારતીય માનવચરિત્રનું ઉત્તમ દષ્ટાંત રામ દ્વારા રચાય છે. વેદના અને નિયતિના ચક્ર પછી પણ, રામનો સત્ય સાથેનો સંબંધ ભારતીયોના મનમાં ઊંડે જડાયેલો છે.

ભગવાન શ્રી રામનું જીવન ભારતીય સમાજના લોકોના જીવનનો આદર્શ બન્યું છે. એક વ્યક્તિનું તપોબળ જનમાનસમાં વ્યાપી જાય છે અને તે વ્યક્તિ ઈતિહાસપુરુષ તરીકે સર્વ વ્યાપક બને છે. ભારતીય જીવનમાં આદર્શ જીવનની અમીટ છાપ ઊભી કરનાર આ એક વ્યક્તિ છે, જે છાપ દીર્ઘ કાળ સુધી ચાલશે. જયારે વ્યક્તિનું તપોબળ રાષ્ટ્રીય બને છે એ તપોભૂમિમાં પરિવર્તિત થઈ જાય છે. ભગવાન શ્રી રામ આપણા તપસ્વી પુરુષ, આદર્શ વ્યક્તિ બની જાય છે.

આપણા લોકના રામ સમાજમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે છે. માનવ જીવનની આચાર સંહિતા ભગવાન શ્રી રામના જીવન મૂલ્યો સાથે જોડાઈ જાય છે. એ જ આચાર સંહિતા સમાજ જીવનમાં કાયમી ધોરણે અવિરતપણે ચાલે છે તેમાં ભગવાન શ્રી રામના જીવન આદર્શ જોડાઈને લોકના રામ આદર્શ રામ બને છે. જીવનના તમામ પાસાંઓ સાથે રામ આદર્શ જોડાઈને રામ રાજ્ય તરફ આગળ વધે છે. આપણા લોકના રામ ભાતીગળ વિવિધતામાં સ્વરૂપે ભિન્નતા પરંતુ એકાત્મ ભાવ સાથે એક રામ....

**દિનાંક ૧ મે, ૨૦૨૪** **(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**ઈ.ચા.કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા વેકેશનને ધ્યાને લઈ વિવિધ સર્ટિફિકેટ કોર્સોની વેકેશન બેચ ચાલું કરવામાં આવી

વિશ્વવિદ્યાલયે વિવિધ મલ્ટિડિસિપ્લિનરી ભારતીય સંસ્કૃતિ, મૂલ્ય આધારિત કૌશલ્ય આધારિત ૮૦૦થી વધુ સર્ટિફિકેટ કોર્સો મંજૂર કર્યા છે અને આ સ્કિલબેઝ સર્ટિફિકેટ કોર્સ થકી વિદ્યાર્થીઓ તેમના હાલના અભ્યાસની સાથે સાથે વધારાની ક્રેડિટ મેળવી તેઓ રોજગાર સક્ષમ બની રહ્યા છે. આજદિન સુધી ૮૩૫૨૮ વિદ્યાર્થીઓએ આવા સર્ટિફિકેટ કોર્સનો લાભ લીધો છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાસાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શનથી વિશ્વવિદ્યાલય દ્વારા વેકેશનને ધ્યાનમાં રાખીને વિવિધ મહાવિદ્યાલયો તથા વિશ્વવિદ્યાલયના વિભાગોમાં વિવિધ પ્રકારના સર્ટિફિકેટ કોર્સોની વેકેશન બેચ ચાલું કરવામાં આવી છે. આ કોર્સનો લાભ લઈ વિદ્યાર્થીઓ તેઓના જ્ઞાન અને કૌશલ્યોમાં વધારો કરી શકે છે. જેમાં નીચે પ્રમાણેના કોર્સોનો સમાવેશ થાય છે. આ તમામ કોર્સોની વિગતવાર માહિતી વિશ્વવિદ્યાલય વેબસાઈટ www.vnsgu.ac.inના સ્ટુડન્ટ કોર્નર પરથી મળી રહેશે.

| Sr. No. | Name of Certificate Course |
|---|---|
| 1 | Basics of Photography |
| 2 | Retail Management |
| 3 | Course on Computer Concepts (CCC) |
| 4 | Certificate Course in Sewing Technology |
| 5 | Ancient Yogic Science and Techniques |
| 6 | Basic Computer |
| 7 | Yoga, YOG Garba |
| 8 | Certificate Course in Get Your Dream Job |
| 9 | Certificate Course in Get the income you want by Mastering Sales Skills |
| 10 | Certificate Course in Being Entrepreneur |
| 11 | Overview of Financial Markets |
| 12 | Professional Development and Personal Branding 1 |
| 13 | Certificate course in Training Skill for E-Business Selling |
| 14 | Technology Enhanced Productivity |
| 15 | Project Report Format for New Business |
| 16 | Fundamental of google docs |
| 17 | Introduction to Search Engine Optimization |
| 18 | Vocational Courses for Vacation |
| 19 | Mastering Google Drive : The Ultimate Beginner's Guide |
| 20 | Foundation Course in Competitive Exams |
| 21 | Office Automation |
| 22 | Sales Mastery |
| 23 | Advanced App Devlopment using Flutter |
| 24 | Probability for Managers with Excel |
| 25 | Family Business |
| 26 | Tally, GST |
| 27 | Creative Writing sGJl,SFf |
| 28 | Tourism Development |
| 29 | Advanced Diploma Certificate in Medical Lab Technician |
| 30 | History and Journalism |
| 31 | Advanced Diploma Certificate in O.T.Technician |
| 32 | Advanced Diploma Certificate in X-Ray Technician |
| 33 | CCC+ |
| 34 | Digital Marketing |
| 35 | Certificate Course on Google basic |
| 36 | Certificate Course On Mehndi Art, Nail Art Certificate Course (Leval-2), Nail Art Certificate Course (Leval-2), Facial Therapist Beauty Culture & Hair Dressing 22 Professional Make up Course (Leval-1) 24 Professional Make up Course (Level-2) 25 Professional Make up Course (Level-3) 26 Hair Cutting Specialist Beauty Culture & Hair Dressing (Level-1) 27 Hair Cutting Specialist Beauty Culture & Hair Dressing (Level-2) 28 Hair Cutting Specialist Beauty Culture & Hair Dressing (Level-2) 30 |
| 37 | Personality Devlopment and Life Skills |
| 38 | Information Protection using Cyber Security (Level-1) |
| 39 | Certificate Course in WIX Web Design |
| 40 | Certificate Course in Basics of Canva |
| 41 | Basics of Investment and Financial Market |
| 42 | Advanced excel for data analytics |
| 43 | Advanced python for data analytics |
| 44 | Algorithms for Artificial intelligence |
| 45 | Certificate Course on Commercial Correspondence & Communication |
| 46 | Communicative English for Career (CEC) |
| 47 | Social Media Marketing Level-1 |
| 48 | Basic Accounting, Tally ERP 9 & Tally Prime |
| 49 | Certificate in Comminication Skills in English |
| 50 | Basics of Interior Design |
| 51 | Chat GPT with AI Tools |
| 52 | Life lessons on leadership and Management: Learning from lord Rama and Shri Krishna |
| 53 | Basic of MVC with C# |

## M.Sc. (IT) અભ્યાસક્રમનાં વિદ્યાર્થીઓની IIT-Bombay દ્વારા આયોજિત e-Yantra Innovation Challenge (eYIC)માં વિજેતા થતા વિભાગની પારિતોષિક મેળવવાની હેટ્રિક (વર્ષ ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪માં પારિતોષિક )










વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં આવેલ Department of I.C.T. ને IIT-Bombay દ્વારા આયોજિત e-Yantra Innovation Challenge (eYIC) 2023-2024માં ભાગ લીધેલ. ટીમને Best Technical Presentation award મળતાં વિભાગની IIT- Bombayમાં પારિતોષિકની હેટ્રિક થયેલ છે. કુલ ૨૯૯ ટીમમાંથી ૧૦ ફાઇનલ ટીમમાં વિભાગની ટીમ પસંદ પામીને "Scribe-Right: ML-enabled tool for writing assistance, neuro-muscular recovery" પ્રોજેક્ટ ટાઈટલ ઉપર Best Technical Presentationનું પારિતોષિક મળેલ છે. ડિપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી.ના પ્રાધ્યાપક ડૉ. હિતેશ લાડ (મદદનીશ અધ્યાપક)ના માર્ગદર્શન હેઠળ ટીમનાં બી.એસસી.(આઈ.ટી) સેમેસ્ટર–૪નાં વિદ્યાર્થીઓ તમન્નાં શાહ, ખુશનાઝ ડુમસિયા, વ્રજ સુરતવાલા અને ક્રિષ્ણા નડિયાદરા દ્વારા Technical Presentation રજૂ થયેલ હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તથા વિભાગીય વડાશ્રી ડૉ. પુષ્પલ દેસાઈ વિદ્યાર્થીઓની વિશિષ્ટ સિદ્ધિને બિરદાવે છે તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર અને ડિપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી. તેઓની આ સિદ્ધિ બદલ હાર્દિક શુભકામના પાઠવે છે.

## વિશ્વવિદ્યાલય દ્વારા મહિનાના બીજા સોમવાર દરમિયાન સ્વચ્છતા અંગેનો કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા સ્વચ્છતાને સ્વભાવ બનાવવાના હેતુસર દર મહિનાના બીજા સોમવારે ૧૧:૦૦ કલાકે સ્વચ્છતાની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે આજે પણ બીજા સોમવાર નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાસાહેબ, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, પરીક્ષા નિયામકશ્રી એ.વી.ધડુક, તમામ વહીવટી વડાશ્રીઓ તેમજ કર્મચારીઓ દ્વારા પોતાની આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા કરવામાં આવી હતી. સ્વચ્છતા જાળવવી એ આપણા સૌની પ્રાથમિક ફરજ છે અને જ્યારે એક ફરજ બજાવતા રહેવાથી તે ટેવ બની જાય છે. જેવી રીતે આપણું ઘર સ્વચ્છ રાખવાની ટેવ હોય એવી જ રીતે આપણી પૃથ્વી પણ હંમેશા સ્વચ્છ અને સુંદર રહે તે આપણી જવાબદારી છે. જે સ્વચ્છતાની ઉજવણી વિશ્વવિદ્યાલયનાં તમામ વિભાગોનાં કર્મચારીઓ દ્વારા તેમને વિભાગ અને આજુ બાજુનાં વિસ્તારનાં સ્વચ્છતાનું કાર્ય હાથ ધરવામાં આવે છે. જે ખૂબ પ્રશંસનીય છે.












**પત્રકારત્વ અને માસ–કોમ્યુનિકેશન વિભાગના વિદ્યાર્થી મીત દાણીધારિયાનું પુસ્તક ' જસ્ટ ઇમેજીન' ગુજરાતના અગ્રગણ્ય પ્રકાશક નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત થયું**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ અને માસ–કોમ્યુનિકેશન વિભાગમાં હાલ M.A Sem-4માં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થી મીત દાણીધારિયાનું પુસ્તક 'જસ્ટ ઈમેજીન' ગુજરાતના અગ્રગણ્ય પ્રકાશક નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત થયું છે. મીત દાણીધારિયા ગુજરાતી સાહિત્યની નવી પેઢીના સર્જકોમાં એક જાણીતું નામ છે. તેમણે અલગ અલગ અખબારોમાં કાર્ય કરીને પત્રકારત્વની કારકિર્દીને વેગ આપ્યો છે. હાલ તેઓ ઐતિહાસિક અખબાર 'ફૂલછાબ' અને સુરતના 'ધબકાર' દૈનિકમાં પણ કોલમ લખી રહ્યાં છે. તેઓનું આ પુસ્તક AI દ્વારા તૈયાર કરાયેલી તસવીરો ધરાવતું ગુજરાતનું પ્રથમ પુસ્તક છે. 'જસ્ટ ઈમેજીન' પુસ્તકમાં જો કલ્પનાઓ હકીકત બને તો? જો માણસને પાંખો હોય તો?, જો ટાઈમ ટ્રાવેલ કરી શકાય તો? આ પ્રકારની અનેક કલ્પનાઓ હકીકત બને તો શુ થાય?, વિજ્ઞાનકથાઓ અથવા વિજ્ઞાનના કોઇ સિદ્ધાંત આધારિત કોઈ હાઈપોથેટીકલ પરિસ્થિતિની કલ્પના કરીને જો તે કલ્પના સત્ય હકીકત બને તો શું થાય? તે પ્રકારના રોમાંચિત કરી દે અને માહિતીપ્રદ તથા સરળ શબ્દોમાં અસામાન્ય પરિસ્થિતિનું સામાન્ય વિજ્ઞાન સમજાવી દે તે પ્રકારનું લખાણ આવરી લેવાયું છે. આ અવસરે લેખક દ્વારા વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબને પુસ્તક ભેટ આપવામાં આવેલું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા વિદ્યાર્થીને પ્રગતિના આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા.




**વિશ્વવિદ્યાલય પરિસર ખાતે આગામી માસથી PSI + Constableના નવા વર્ગો શરૂ થનાર છે તથા દીનાંક ૧૮/૦૪/૨૦૨૪ થી ૨૨/૦૪/૨૦૨૪ સુધી ફ્રી ડેમો કલાસનું આયોજન કરવામાં આવેલ છે.**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના પરિસર ખાતે આવેલ IAS-IPS તથા અન્ય સ્પર્ધાત્મક તાલીમ કેન્દ્ર ખાતે આગામી માસ મે–૨૦૨૪થી PSI + Constableના નવા વર્ગો શરૂ થનાર છે. દિનાંક ૧૮/૦૪/૨૦૨૪ થી ૨૨/૦૪/૨૦૨૪ સુધી ફ્રી ડેમો કલાસનું આયોજન કરવામાં આવેલ છે. આ બેચનો સમય સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦નો રહેશે. આ બેચની કેટલીક વિશેષતાઓ છે. જેમ કે, નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટિની ટીમ, નવી પરીક્ષા પદ્ધતિ મુજબ તૈયારી તથા વિદ્યાર્થીલક્ષી સચોટ મેનેજમેન્ટ વગેરે.

**જેમાં નીચે મુજબના વિષયોના વર્ગો ચાલશે**

૧૮/૦૪/૨૦૨૪ ના રોજ ભૂગોળ
૧૯/૦૪/૨૦૨૪ ના રોજ વિજ્ઞાન અને ટેકનોલોજી,
૨૦/૦૪/૨૦૨૪ ના રોજ ગુજરાતી
૨૧/૦૪/૨૦૨૪ ના રોજ બંધારણ
૨૨/૦૪/૨૦૨૪ ના રોજ ગણિત

આ PSI + Constableના નવા વર્ગો તથા ફ્રી ડેમો લેકચરમાં ભાગ લેવા માટે વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી તથા વિશ્વવિદ્યાલય પરિવાર તરફથી સૌને હાર્દિક આમંત્રણ અને શુભેચ્છાઓ.

વધુ માહિતી માટે વિશ્વવિદ્યાલય વેબસાઈટ www.vnsgu.ac.in તથા 6357322957 પર સંપર્ક કરવા વિનંતી.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના શિક્ષણ વિભાગના રિસર્ચ સ્કોલરશ્રી સુનીલ રેવરે સુગમ સંગીત કેટેગરીમાં ઉચ્ચસ્વર પરીક્ષા–૨૦૨૨માં 'A' ગ્રેડ મેળવ્યો




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના શિક્ષણ વિભાગના રીસર્ચ સ્કોલરશ્રી સુનીલ રેવરે પ્રસાર ભારતી–ઓલ ઇન્ડિયા રેડિયો દ્વારા લેવામાં આવતા Graded Artist's Auditionમાં સુગમ સંગીત કેટેગરીમાં ઉચ્ચસ્વર પરીક્ષા–૨૦૨૨માં ડાયરેક્ટ 'A' ગ્રેડ મેળવીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે.

સુનીલ રેવરે શહેર તથા રાજ્યના જાણીતા સ્વરકાર/ સંગીતકાર છે. AIRના ઉચ્ચસ્વર પરીક્ષા ૨૦૨૨માં સુગમ–સંગીત–વૃંદગાન કેટેગરીમાં 'A' ગ્રેડ મેળવનાર 'સ્વરવૃંદ'એ દક્ષિણ ગુજરાતનું પ્રથમ ગ્રુપ બન્યું છે. શ્રી સુનીલ રેવરે મેળવેલ સિદ્ધિ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર. સી. ગઢવી, એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. કેતનભાઈ સી. દેસાઈ તથા વિશ્વવિદ્યાલય પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## "Stock Market Certificate કોર્સનો પ્રથમ બેચ પૂર્ણ થયો"

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ માટે "Certificate Course on Technical Analysis in Stock Market in Cash and Positional Stock"ની શરૂઆત કરવામાં આવી હતી. પ્રસ્તુત કોર્સની શરૂઆત દિનાંક ૨૬/૦૨/૨૦૨૪નાં રોજ અર્થશાસ્ત્ર વિભાગ ખાતે કમ્પ્યૂટર લેબમાં કરવામાં આવી હતી.

સંપૂર્ણ કોર્સ ૨ ક્રેડિટ ધરાવતો અને ૩૦ કલાકનો સમયગાળો હતો. પ્રસ્તુત કોર્સમાં ડૉ. તેજશ શાહ જેઓ અંબાબા મહાવિદ્યાલય, સાબરગામ, સુરતમાં સહાયક અધ્યાપક દ્વારા માર્ગદર્શક તરીકે સેવા પૂરી પાડવામાં આવી હતી. કોર્સ દરમિયાન વિદ્યાર્થીઓને "STOCK MARKET"માં થતા ફાયદા, નુકશાન વિશે જાગ્રત કરવામાં આવ્યા અને દરેક નાનામાં નાનાં નાણાકીય રોકાણ દ્વારા નફો કઈ રીતે મેળવી શકાય! અને જોખમી રોકાણથી કઈ રીતે બચી શકાય! તે અંગે વિસ્તૃત થીયરી અને પ્રેક્ટીકલી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. પ્રસ્તુત કોર્સની પરીક્ષા આપીને ૨૮ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક કોર્સ પૂર્ણ કર્યો છે અને પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું છે. પ્રથમ બેચની સફળતા બાદ માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી અને કોર્સનાં કો–ઓર્ડિનેટર માર્ગદર્શન હેઠળ ટૂંક સમયમાં બીજો બેચ શરૂ કરવામાં આવશે.



## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે "મતદારો માટે મતદાન જાગૃતિ"નો કાર્યક્રમ યોજાયો

"મતદારો માટે મતદાન જાગૃતિ" અંતર્ગત દિનાંક ૧૯/૦૪/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ તેમજ તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારી માટે કાર્યક્રમ આદરણીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને અતિથિ વિશેષ શ્રીમતી શિવાની ગોયલ DDO, Surat-TIP Nodal Officerના નેજા હેઠળ રાખવામાં આવ્યો હતો. જેમાં વિશ્વવિદ્યાલયના ૩૦૦થી વધુ કર્મચારીઓ અને વિદ્યાર્થિઓ હાજર રહ્યા હતા. સદર કાર્યક્રમ વિદ્યાર્થીઓના પ્રતિનિધિ બ્રાંડ એમ્બેસેડરશ્રી યશ પટેલ અને અપૂર્વ ગામીત દ્વારા સંકલન અને સંચાલન કરવામાં આવ્યો હતો. જેમાં લોકશાહીના મતદાનનું મહત્વ તેમજ ચૂંટણી પંચ દ્વારા મતદાનની જાગૃતિ માટેના વીડિયો બતાવવામાં આવ્યા હતા. નેન્સી પટેલ DIO, NIC, Surat દ્વારા મતદાન બાબતે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. સોશિયલ મીડિયાની ભૂમિકા પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

શ્રીમતી શિવાની ગોયલ DDO, Surat દ્વારા તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, ૧૦૦ વર્ષ બાદ આપણને મતદાનનો અધિકાર પ્રાપ્ત થયો છે. "દેશે આપણા માટે શું કર્યું! તેના કરતા આપણે સૌએ દેશ માટે શું કર્યું!" તે વિચાર પર ભાર મૂકયો હતો અને દેશ માટે મતદાન કરવું એ આપણી ફરજ છે, તે બાબતની સમજ આપી હતી. તેમણે દિનાંક ૭ મે, ૨૦૨૪ના ગુજરાતના મતદાન માટે જરૂરથી મતદાન માટેની અપીલ કરી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા એક મતદાર ૧૦૦ મતદારને પ્રોત્સાહિત કરે અને મતદાન કરાવે તેના પર ભાર મૂકયો હતો અને તે માટે અપીલ કરી હતી. વધુમાં રાષ્ટ્રહિતને ધ્યાને લઈ દરેકને મતદાન કરવા માટે હાંકલ કરી હતી. તેમણે યુવાનોને સોશિયલ મીડિયામાં મતદાન કર્યા બાદ

સેલ્ફી પોસ્ટ કરી બીજાને પ્રોત્સાહિત કરવાની અપીલ કરી હતી. અંતમાં મતદાન માટેની શપથ લેવડાવી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમમાં કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, શ્રીમતી કોમલ ઠાકોર TIP, Sub Nodal Officer શ્રી જયેશભાઈ પટેલ TIP, Sub Nodal Officer, નેન્સી પટેલ DIO-NIC, Surat મામલતદાર ચોર્યાસી શ્રી નીરવ પરિતોષ હાજર રહ્યાં હતાં. આભારવિધિ નોડલ ઓફિસરશ્રી દર્શન પુરોહિત દ્વારા કરવામાં આવી હતી.










## કુલપતિશ્રી દ્વારા સેન્સસ માઈક્રોડેટા સેન્ટરની મુલાકાત લેવાઈ





વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગમા સ્થાપિત "Workstation for Research on Microdata of Population Census" માં ચાલી રહેલ કામગીરીનું નિરીક્ષણ અને મુલાકાત માટે દિનાંક ૨૨ એપ્રિલ, ૨૦૨૪ના રોજ વિશ્વવિદ્યાલયનાં ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા અર્થશાસ્ત્ર વિભાગની મુલાકાત લેવામાં આવી હતી. "Workstation for Research on Microdata of Population Censusની શરૂઆત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને વસ્તી ગણતરી કામગીરી નિયામક કચેરી, ગુજરાત ગૃહ મંત્રાલય ભારત સરકાર વચ્ચે વસ્તી ગણતરીના માઈક્રોડેટા પર સંશોધન માટે વર્કસ્ટેશન સ્થાપવા માટે MoU કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્કસ્ટેશનનું દિનાંક ૦૭/૦૪/૨૦૨૩ના રોજ અર્થશાસ્ત્ર વિભાગ ખાતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું. વર્કસ્ટેશનનું ઉદ્ઘાટન આદરણીયશ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ હળપતિ (રાજ્યમંત્રી, આદિજાતિ વિકાસ,શ્રમ અને રોજગાર, ગ્રામીણ વિકાસ, ગુજરાત સરકાર)ના વરદ હસ્તે કરવામાં આવ્યું. દિનાંક ૨૮/૬/૨૦૨૩ના રોજ અર્થશાસ્ત્ર વિભાગ ખાતે કાર્યરત Census Micro Data Workstationમાં પ્રથમ ટ્રેનીગ પ્રોગ્રામનું ઓનલાઈન માધ્યમથી આયોજન કરવામાં આવ્યું હતું. Census Micro Data Workstationમાં ભારતના વસ્તી ગણતરીનાં સૂક્ષ્મ ડેટામાંથી વિવિધ પાસાઓની માહિતી પ્રાપ્ત કરવા માટે "Cs Pro" સોફ્ટવેરનાં ઉપયોગ કરવામાં આવે છે. વર્કસ્ટેશનની સ્થાપનાનો ઉદ્દેશ્ય લાયકાત ધરાવતા સંશોધકોને વસ્તીગણતરી દ્વારા પ્રકાશિત ન કરાયેલ ક્રોસ ટેબ્યુલેશન જનરેટ કરવા માટે ઍક્સેસની મંજૂરી આપીને ઊંડાણપૂર્વક સંશોધન માટે વસ્તી ગણતરીમાંથી અનામી માઈક્રો-ડેટાનો મહત્તમ ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો છે.

## વિશ્વવિદ્યાલય દ્વારા હનુમાન જયંતીની ઉજવણી







વિશ્વવિદ્યાલયના યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા હનુમાન જયંતી નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી તથા યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલની ઉપસ્થિતિમાં હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વવિદ્યાલય દ્વારા હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવતી હોય તે સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાનું મહત્વ દર્શાવતું એક મહત્વપૂર્ણ અંશ બની શકે છે. કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વ દ્વારા હનુમાનજીની પૂજા, મહિમા, આદર–ભકિત અને એકતા સાથે મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં હનુમાન ચાલીસા અને હનુમાનજીના ભજનોથી વાતાવરણ ભકિતમય બન્યું હતું. કાર્યક્રમ સ્પોર્ટ્સ વિભાગમાં એટલા માટે કરવામાં આવ્યો કે, હનુમાનજીની તાકાત માનવ શરીરની સાક્ષાત્કાર કરાવે છે, જે ફિટનેસ અને સ્પોર્ટ્સમાં મહત્વપૂર્ણ અસ્તિત્વ છે. હનુમાનજી એક વીર અને ઉત્કૃષ્ટ યોદ્ધાઓનું પ્રતિનિધિત્વ કરે છે, અને તેની મહાનતા અને સાહસની ઘટનાઓ સ્પોર્ટ્સમાં પ્રેરણા આપે છે તથા યોગા, પ્રાણાયામ, રાજયોગ અને અન્ય શારીરિક અભ્યાસો સાથે સંમન્વય ધરાવે છે, જે સ્પોર્ટ્સમાં ઉચ્ચ પરિણામો મેળવવામાં મદદ કરે છે એટલે જ જ્યારે રમતવીરો કોઈ પણ રમતની શરૂઆત કરે તો તેઓ સૌપ્રથમ હનુમાનજીને યાદ કરીને પોતાની રમતની શરૂઆત કરતા હોય છે.

## Department of Business and Industrial Management

### Alumni Meet

દિનાંક ૧૩/૦૪/૨૦૨૪ના દિવસે ડિપાર્ટમેન્ટ એન્ડ બિઝનેસ એન્ડ ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત ખાતે ભુતપૂર્વ વિદ્યાર્થી સંમેલન (Alumni Meet)નું આયોજન કરવામાં આવ્યું હતી. આ વિભાગના દેશભરમાં ફેલાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૧૩૦ ભુતપૂર્વ વિદ્યાર્થીઓએ આ Alumni Meetમાં ભાગ લીધો હતો. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડાએ ભુતપૂર્વ વિદ્યાર્થીઓને ટેકનોલોજી ક્ષેત્રે તૈયાર થઈ દેશના વિકાસમાં અગ્રેસર થવા માટે હાકલ કરી હતી. આ પ્રસંગે વિભાગના નિવૃત અધ્યાપકો તથા હાંસલ કાર્યરત તમામ અધ્યાપકો હાજર રહ્યા હતા.








## Department of Journalism & Mass Communication

### ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશનમાં ડૉ. હરદીપસિંહ ગોહિલનો એક્સપર્ટ લેકચર







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનમાં દિનાંક ૧ એપ્રિલના રોજ વિદ્યાર્થીઓ માટે ક્રિએટિવ રાઈટિંગ વિષય પર એક્સપર્ટ લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિષય વિશેષજ્ઞ તરીકે ગુજરાત મહાવિદ્યાલયના અંગ્રેજી લિટરેચરના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. હરદીપસિંહ ગોહિલ (કવિ, લેખક) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આજના સોશિયલ મીડિયાના યુગમાં રચનાત્મક લેખન એટલે કે ક્રિએટિવ રાઇટિંગ કેવી રીતે કરવું અને તેને કરવા માટેના વિવિધ પરિબળો વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

આ એક્સપર્ટ લેકચરમાં જર્નાલિઝમ વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. ભરત ઠાકોર દ્વારા મહેમાનશ્રીઓને શાબ્દિક આવકાર અને પુસ્તક અર્પણ કરીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ એક્સપર્ટ લેકચરમાં જર્નાલિઝમ વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. કિરણ મિત્તલ, આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. મનોજ પટેલ તેમજ ફેકલ્ટી નિલય પૌરાણિક અને બિન્ની પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ એક્સપર્ટ લેકચરમાં ડૉ. હરદીપસિંહ ગોહિલ રામાયણગ્રંથના રચનાત્મક લેખન, અમૂલની વોટ કરવા માટેની એડવર્ટાઇઝમેન્ટ, બે ફિલ્મની કહાનીનો સોર્સ સંસ્કૃતની કથા, નાટયશાસ્ત્ર વગેરે વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી હતી. આ ઉપરાંત તેમણે વિદ્યાર્થીઓને આજના સોશિયલ મીડિયાના યુગમાં દરેક વ્યકિત રાઈટર હોવાની તેમજ નકલ કરવાના આ યુગમાં બુદ્ધિનો ઉપયોગ કરીને ઓરિજિનલ કન્ટેન્ટ તૈયાર કરવાની ટિપ્સ આપી હતી. સાથે જ તેમણે વિદ્યાર્થીઓને રચનાત્મક લખાણ માટે થીમ, પ્લોટ, સિમ્બોલિઝમ, ઈમેજીનરી, પોઈન્ટ ઓફ વ્યૂ, માનવીય હાવભાવ, લાગણી, પ્રતીકો, કલ્પનાશીલતા, રસવિનિયોગ, યોગ્ય ભાષા અને અલંકારોનો ઉપયોગ કરવાની ચર્ચા કરી હતી.

### જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટમાં સ્થાપના દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશનમાં દિનાંક ૩ એપ્રિલના રોજ વિભાગના સ્થાપના દિવસ નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. વિભાગના સ્થાપના દિવસના કાર્યક્રમની સાથે ખાસ પ્રથમવખત વોટ કરનારા બેચલરના વિદ્યાર્થીઓ માટે પણ ખાસ પ્રોત્સાહન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જર્નાલિઝમ વિભાગના કૉ–ઓર્ડિનેટર શ્રી ડૉ. ભરત ઠાકોર દ્વારા કુલપતિશ્રીનું પુસ્તક અર્પણ કરીને સ્વાગત કર્યું હતું.

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ વર્ષ ૧૯૮૮ થી ૨૦૨૪ સુધી ૩ તબક્કા પાર કરનાર જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન વિભાગને ૩૬ વર્ષ પૂર્ણ કરી ૩૭ વર્ષમાં પ્રવેશ મેળવવા બદલ અધ્યાપક, વિદ્યાર્થી અને કર્મચારીઓનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે, જે રીતે જન્મદિવસ અને દેશના આઝાદીની ઉજવણી કરીએ છીએ એ જ રીતે ફાઉન્ડેશન ડેની ઉજવણી કરવી જોઈએ કારણકે તેનું પોતાનું મહત્વ છે. વિભાગના ૩૬ વર્ષના સફરમાં ઘણા લોકોએ યોગદાન આપ્યું છે. તેમને યાદ કરવાનો દિવસ છે. તેમણે વિભાગના પૂર્વ હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ડૉ. કલ્પના રાવને પણ આ પ્રસંગે યાદ કર્યા હતા. તેમણે વિભાગની ઉન્નતિની કામના કરી હતી. ત્યારબાદ તેમણે ભવિષ્યમાં અલગ અલગ મીડિયા સંસ્થાનોમાં જનારા વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલયનું ઋણ અલગ અલગ રીતે ચૂકવવા તેમજ વિશ્વવિદ્યાલયની હકારાત્મક વાતોને મહત્વ આપવા પ્રોત્સાહિત કર્યા હતા.

જર્નાલિઝમ વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. ભરતભાઈ ઠાકોરે વિદ્યાર્થીઓને વિભાગના સ્થાપના દિવસે અભિનંદન આપ્યું હતુ. તેમણે તેમના સ્વાગત પ્રવચનમાં EC સભ્યો, BOMના સભ્યો, પૂર્વ કુલપતિ, પૂર્વ HOD, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને યાદ કર્યા હતા અને સાથે જ ખાસ કરીને પ્રથમ વખત વોટ કરનારા વિદ્યાર્થીઓને તેમજ અન્ય વિદ્યાર્થીઓને પણ લોકશાહીને ટકાવી રાખવી હોય તો નોટા અંતિમ વિકલ્પ ન હોવાની સમજણ આપી હતી.

જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન વિભાગના સ્થાપના દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા ખાસ કેક કટિંગ સેરેમની પણ યોજવામાં આવી હતી. વિભાગના ફેકલ્ટી ડૉ. કિરણ મિત્તલે વિભાગના ઇતિહાસ વિશે વાત કરી હતી અને સાથે જ વિશ્વના અલગ અલગ ખૂણે માસ મીડિયાના વિવિધ ક્ષેત્રમાં સફળતાના શિખરો સર કરી રહેલા વિભાગના પૂર્વ વિદ્યાર્થીઓ અંગે પણ માહિતી આપી હતી અને અંતે આભારવિધિ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન વિભાગના ફેકલ્ટી ડૉ. મનોજ પટેલ, નિલય પૌરાણિક અને બિન્ની પટેલ ઉપસ્થિત રહ્યા હતા.











**મોબાઈલ જર્નાલિઝમ બી.એ.જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનના અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવશે**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા બી.એ. જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન (ન્યૂ એજ્યુકેશન પોલિસી)માં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા ડિપાર્ટમેન્ટના કૉ–ઓર્ડિનેટર ડૉ. ભરત ઠાકોરના માર્ગદર્શનમાં ડિપાર્ટમેન્ટ બી.એ. જર્નાલિઝમના નીચે મુજબના અભ્યાસક્રમો શરૂ થવા જઈ રહ્યા છે.

- બિઝનેસ એન્ડ ફાઇનાન્શલ જર્નાલિઝમ
- ડબિંગ
- સ્પોર્ટ્સ જર્નાલિઝમ
- મોબાઈલ જર્નાલિઝમ

વિભાગના ફેકલ્ટી ડૉ. કિરણ મિત્તલે જણાવ્યું હતું કે, વર્તમાનમાં થતાં પરિવર્તન અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખી વિષયોને અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યા છે. જર્નાલિઝમ વિભાગ બદલાતા સમય સાથે અભ્યાસક્રમમાં બદલાવ કરતું રહેવું જોવા મળે છે.


**શ્રી હનુમાન જન્મોત્સવ નિમિત્તે ડૉ. ભરત ઠાકોર દ્વારા સંપાદિત પુસ્તક 'યુવાઓ કે આદર્શશ્રી હનુમાન'ના આવરણનું લોકર્પણ કરાર્યું**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડના વરદહસ્તે તેમજ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, બોર્ડ ઓફ

મેનેજમેન્ટના સભ્યશ્રી સંજય લાપસીવાલા અને શ્રી કેતનભાઈ દેસાઈની હાજરીમાં ચૈત્રસુદની પૂર્ણિમાના દિવસે એટલે કે આજના ૨૩ એપ્રિલ હનુમાન જન્મોત્સવના અતિ શુભ દિવસે વિશ્વવિદ્યાલયના જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન વિભાગ અને તુલનાત્મક સાહિત્ય વિભાગના કૉ–ઓર્ડિનેટર તેમજ ગુજરાતી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ભરત ઠાકોર દ્વારા સંપાદન કરવામાં આવી રહેલ પુસ્તક 'યુવાઓ કે આદર્શ શ્રી હનુમાન'ના આવરણનું લોકપર્ણ કરવામાં આવ્યું હતું. આ લોકપર્ણ કાર્યક્રમમાં શ્રી નીતિન પટેલ તેમજ શ્રી રાજુલ દેસાઈ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને અખિલ ભારતીય સાહિત્ય પરિષદ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કોરોના મહામારી દરમિયાન સંખ્યાબંધ ઓનલાઈન પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજને ભારત અને ભારતીય સાહિત્યના વિદ્વાનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ શ્રેણીમાં ભારતીય પરંપરા, ભારતીય સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિમાં અમર છે તેવા મહાન ભકત અને ભારતીય યુવાનોના આદર્શ એવા પવનપુત્ર હનુમાનજી વિશે એક ઓનલાઈન નિવેદન હતું. પ્રખ્યાત સાહિત્યકાર અને જાણીતા વિદ્વાન ડૉ. મિથિલાપ્રસાદ ત્રિપાઠીએ આ વિષય પર વકતવ્ય આપ્યું હતું. તેમાં એક વિષય રામાયણના સંદર્ભમાં હતો અને તેમાં ખાસ કરીને શ્રીરામનું વ્યકિતત્વ લોકોના મનમાં છે તેની સાથે પરમ ભકત, બહાદુર મહાવીર બજરંગબલી એટલે કે હનુમાનજીનું વ્યકિતત્વ, તેમની શ્રદ્ધા, આસ્થા અને શ્રીરામના પરિવાર પ્રત્યેનું તેમનું સમર્પણ છે. એ સમર્પણ ભારતીય મન અને ભારતીય આદર્શોમાં અજોડ છે. પાણિની વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી પ્રોફેસર પંડિત મિથિલાપ્રસાદ ત્રિપાઠીએ આ અંગે નિવેદન આપ્યું હતું. ડૉ. ભરત ઠાકોર દ્વારા આ નિવેદન સંપાદિત કરવામાં આવ્યું છે. આ સમગ્ર શ્રેણી કે જે કોરાના મહામારીના સમયગાળામાં થઈ હતી. તેમાં અખિલ ભારતીય સાહિત્ય પરિષદના રાષ્ટ્રીય સંગઠનમંત્રી અને પ્રસિદ્ધ સાહિત્યકાર એવા શ્રીધર ફરારકરનું સતત માર્ગદર્શન મળ્યું હતું.

વિશ્વવિદ્યાલય દ્વારા આ પ્રકારના પ્રકાશનો થઈ રહ્યા છે, તે ભવિષ્યના ભારત માટે એક દષ્ટાંગ રૂપ અને યુવા વર્ગમાં પણ એક માર્ગદર્શક રૂપ બની રહે તેવા પ્રકારનું આ પુસ્તક આવી રહ્યું છે. તે માટે વિશ્વવિદ્યાલય પરિવાર અભિનંદન ગૌરવની લાગણી અનુભવે છે.







## Department of Fine Arts

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે ચાલતા ફાઈન આર્ટ્સ વિભાગમાં "એન્યુઅલ ડિસ્પ્લે"નું આયોજન

વિશ્વવિદ્યાલય ખાતે ચાલતા ફાઈન આર્ટ્સ વિભાગમાં દિનાંક ૨૦/૦૪/૨૦૨૪ થી દિનાંક ૨૩/૦૪/૨૦૨૪ દરમ્યાન છેલ્લા વર્ષનાં વિદ્યાર્થીઓનાં અભ્યાસક્રમના ભાગરૂપે "એન્યુઅલ ડિસ્પ્લે"નું આયોજન વિશ્વવિદ્યાલયના નર્મદભવન અને આર્ટગેલેરી ખાતે કરવામાં આવેલ છે. આ ડિસ્પ્લેનું આયોજન ટિચિંગ આસિસ્ટન્ટ કૃતિ પટેલ (અપ્લાઈડ આર્ટ ડિપાર્ટમેન્ટ), કૃણાલ કંસારા (સ્કલ્પ્ચર ડિપાર્ટમેન્ટ) અને દિપ્તી બાટલાવાલા (પેઇન્ટિંગ ડિપાર્ટમેન્ટ)ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. જેનું ઉદ્ઘાટન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કૉ–ઓર્ડિનેટરશ્રી મેહુલ પટેલના વરદ હસ્તે દિનાંક ૨૦/૦૪/૨૦૨૪નાં રોજ કરવામાં આવેલ છે. આ ડિસ્પ્લે દિનાંક ૨૬/૦૪/૨૦૨૪ સુધી ખુલ્લુ મુકવામાં આવનાર છે. જેનું પ્રદર્શન નિહાળવા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તરફથી જાહેર જનતાને વિનમ્ર નિવેદન છે.

કલા જગતની ઉત્કૃષ્ટ એવી ૫૦૦ જેવી કલાકૃતિઓ અહીં પ્રદર્શિત થઈ છે. ચિત્ર જોઈ મંત્રમુગ્ધ થઈ જવાય એવા ઓઈલ પેઇન્ટિંગસ, મેટલ, વૂડેન સ્કલ્પ્ચર, સિરામીક ઇન્સ્ટોલેશન, વીડિયો આર્ટ, લોગો ડિઝાઈન, ફોટોગ્રાફી જેવી અનેક કલાકૃતિ જોવા મળશે. વધુ માહિતી માટે કૉ–ઓર્ડિનેટરશ્રી મેહુલ પટેલ મો. નં. ૯૩૨૭૭૮૪૭૯૯, ટિચીંગ આસિસ્ટન્ટ કૃણાલ કંસારા મો.નં. ૯૯૦૯૬૪૯૨૨૩, દિપ્તી બાટલાવાલા મો. નં. ૯૪૨૬૫૫૮૮૬૬ અને કૃતિ પટેલ મો.નં ૯૦૩૩૧૩૦૯૧૪નો સંપર્ક કરી શકાશે.












## ફાઈન આર્ટ્સ વિભાગમાં ફેરવેલ ફંકશન યોજાયું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ફાઈન આર્ટ્સ વિભાગમાં તા. ૨૩/૦૪/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી મેહુલ પટેલના માર્ગદર્શન હેઠળ ફેરવેલ ફંકશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ત્રણ શાખા (એપ્લાઇડ, પેઇન્ટિંગ, સ્કલપચર)ના તમામ વિદ્યાર્થીઓ તથા વિભાગના તમામ અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ શાખા (એપ્લાઇડ, પેઇન્ટિંગ, સ્કલપચર)ના કુલ ૨૦ જેટલા વિદ્યાર્થીઓને વિવિધ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. એવોર્ડ સેરેમની બાદ વિદ્યાર્થી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ સંગીત તેમજ નૃત્યની ખૂબ આકર્ષિત કૃતિઓ રજૂ કરીને ઉપસ્થિત સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. વિભાગના વિદ્યાર્થીઓએ તેમને થયેલ વિભાગના શૈક્ષણિક અને કાર્યક્ષેત્રના વિવિધ અનુભવો રજૂ કર્યા હતા. તમામ વિદ્યાર્થીઓને તેમના ભવિષ્યની કારકિર્દી માટે શુભેચ્છાઓ આપી હતી.







## Department of Commerce

### વિશ્વવિદ્યાલયના કોમર્સ વિભાગમાં શ્રી હનુમાન જન્મજયંતીની ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કોમર્સ વિભાગમાં માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કોમર્સ વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ દિનાંક ૨૪ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ભગવાનશ્રી હનુમાનજીનું સેવાલક્ષી શ્રેષ્ઠ ચારિત્ર્ય યુવાનોમાં ઉતરે તે હેતુથી "શ્રી હનુમાનજીની જન્મજયંતી" નિમિત્તે શ્રી હનુમાનજીની આરતી અને પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી હનુમાનજીએ સેવા અને સાધનાનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે. તેમની જેમ જ આપણા જીવનમાં સમાજ સેવા અને રાષ્ટ્ર સેવા પ્રગટે અને આપણી ભારતીય સંસ્કૃતિ પરંપરા, જીવન મૂલ્યોને પેઢી દર પેઢી આગળ વધારવી તે આપણા સંસ્કાર છે. આ કાર્યક્રમમાં વિભાગના તમામ પ્રાધ્યાપકો, વહીવટી કર્મચારીઓ, સેવકભાઈઓ અને NSS સ્વયંસેવકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.







## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### NCC કેડેટ્સ માટે વિદાય સમારંભનુ આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમા દિનાંક ૦૧/૦૪/૨૦૨૪ના રોજ પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ NCC કેડેટ્સ માટે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે "6 GUJ GIRLS BN"ના શ્રી. એસ.એમ.દેવેન્દ્રસિંઘ, હવલદાર પ્રતાપ, હવાલદાર ચૈનસિંઘ, હવાલદાર કુલવીરસિંઘ, સુભીદાર બલ્જીન્દરસિંહ હાજર રહ્યા હતા. NCC કેર ટેકર ઓફિસર પ્રા.ડૉ. સોનલબેન જરીવાલાએ મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા અને એસ.એમ.દેવેન્દ્રસિંઘે આશીર્વચન આપી તેમને ભવિષ્યની

ઉજ્જવળ તક માટે પ્રગતિના પંથે આગળ વધવાની શુભેચ્છા પાઠવી હતી. દર વર્ષે દિનાંક ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીના રોજ કેડેટ્સ આવતા રહે તેવું આમંત્રણ પણ પાઠવ્યું હતું. T.Y.B.Com.ની કેડેટ્સ SUO કુ. વિધ્રુતિ હડિયા, JUO કુ. નેહલ ગુજરિયા, SGT વૃંદા ડોંગાએ NCCમાં ત્રણ વર્ષ દરમિયાન તેમણે મેળવેલી સિદ્ધિઓ અને NCC પ્રત્યેના પોતાનાં અનુભવોને પ્રતિભાવ રૂપે રજૂ કર્યા હતા. સમગ્ર વાતાવરણ લાગણીસભર બની રહ્યું હતું. સમારંભનું આયોજન અને સંચાલન NCC કેર ટેકર ઓફિસર પ્રા. ડૉ. સોનલબેન જરીવાલા અને NCC કેડેટ્સ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૯૫ જેટલી કેડેટ્ર્સ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

## નેશનલ એડવેન્ચર કેમ્પ




દિનાંક ૮/૧૨/૨૦૨૩ થી ૧૭/૧૨/૨૦૨૩ના રોજ ભારત સરકારના યુવા બાબતો અને રમત મંત્રાલય અને NSSના પ્રાદેશિક નિર્દેશકે હિમાચલ પ્રદેશના અટલ બિહારી વાજપેય ઇન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગ એન્ડ અલાઈડ સ્પોર્ટ્સ પોંગ ડેમ ખાતે નેશનલ એડવેન્ચર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પ્રવૃત્તિ જેવી કે પર્વતારોહણ, સ્વિમિંગ અને તેના વિવિધ પ્રકારો (ફ્રી સ્ટાઈલ, બેકસ્ટ્રોક, બ્રેસ્ટસ્ટ્રોક અને બટરફલાય)નો સમાવેશ થયો હતો. જેમાં જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીનાં NSS સ્વયંસેવક અને T.Y.B.Com.નો વિદ્યાર્થી શ્રી પ્રતિક વિનુભાઈ કલસરિયાએ ભાગ લઈ સફળતાપૂર્વક કેમ્પ પૂર્ણ કર્યો હતો. જે બદલ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, જીવન જ્યોત ટ્રસ્ટ, પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, NSS પ્રોગ્રામ ઓફિસર્સ અને મહાવિદ્યાલય પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતાં.

# C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

## World Homoeopathic Day - 2024

On 10/04/2024 C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara and HMAI Vyara Unit organized a 'Elocution Competition' as a part of the celebration of 'World Homoeopathic Day'. In this programme many students participated enthusiastically. The programme was started with welcome speech by Dr. V.S.Gamit followed by garlanding to Maa Sarswati and Dr. Hahmenann and lighting the lamp. Dr P.R.Patel - Professor of Homoeopathic Materia Medica Department, Dr. A.S.Amla-Professor of Homoeopathic Pharmacy Department, Dr. J.J.Jain-Professor of Anatomy Department Perform duty as a judge Dr. D.C.Gavli administered the Hahnemannian oath. At the end of the programme cutting of cake was done on occasion of Dr. Samuel Hahnemann 269th birthday celebration. The students who participated in this programme were awarded by Certificate and prize from the college and token of gift. Vote of thanks was given by Dr. Swapnil Khengar Finally the programme was concluded with Sweet distribution. The entire programme was conducted by Activity committee and team under the successful guidance of Principal Dr. (Mrs.) Jyoti Rao.

| | | |
|---|---|---|
| 1st Prize | Vasava Payal | Rs. 3001/- |
| 2nd Prize | Jain Deepanshi | Rs. 2001/- |
| 3rd Prize | Vagh Bhuvneshwari | Rs. 1001/- |

| | | |
|---|---|---|
| Consolation Prize-1 | Nakrani Feni | Rs. 251/- |
| Consolation Prize-2 | Bhatt Shivani | Rs. 251/- |





## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-04-2024 to 30-04-2024

| Detail | Description | April-2024 | |
|---|---|---|---|
| User | Visitors | 1682 | |
| | Internet Lab User | 76 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 7 | |
| | Research Scholars | 7 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 3 | |
| | Online User | 0 | |
| | Total | | 1775 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| April-2024 | 297 | 429 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનારઃ ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | April-2024 | 09 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | April-2024 | 09 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | April-2024 | 08 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ **e-mail: dakshinayan@vnsgu.ac.in**

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgu.ac.in**